# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા કોરોનાના ૮૪ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં 3 વ્યક્તિનું મોત : રાજ્યના ૧૮ જિલ્લામાં એકપણ કેસ નહી : એક દિવસમાં ૨૮૪૭૯૧નું રસીકરણ : કુલ ૮૧૦૭૫૧ સાજા થયા

ગુજરાતમાં કોરોના હવે તબક્કાવાર રીતે કાબુમાં આવી ચુક્યો છે. સરકાર કોરોનાને નાથવામાં સફળ રહી છે. તો બીજી તરફ રસીકરણનાં મોરચે પર સરકાર જોરોશોરોથી લડી રહી છે. ગુજરાતનાં ૪૦ ટકા લોકોને રસીનો એક અથવા તો બંન્ને ડોઝ મળી ચુક્યાં છે. આ આંકડો રોજેરોજ વધતો જઈ રહ્યો છે. બીજી તરફ કોરોનામાંથી સાજા થવાનાં દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સાજા થવાનો દર ૯૮.૪૪ ટકાએ પહોંચ્યો છે. આજે રાજ્યમાં કોરોનાના નવા ૮૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૦૦થી વધારે દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં ૮,૧૦,૭૫૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આજે ૨,૮૪,૭૯૧ લોકોનું રસીકરણ થઈ ચુક્યું છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨૭૯૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૧ લોકો વેન્ટિલેટર પર છે. ૨૭૮૩ લોકો સ્ટેબલ છે. ૮,૧૦,૭૫૧ લોકોને ડીસ્ચાર્જ આપવામાં આવી ચુક્યું છે. ૧૦૦૬૨ લોકોનાં અત્યાર સુધી કોરોનામાં મોત નિપજ્યાં છે. ૦૩ લોકોનાં કોરોનાને કારણે આજે મોત નિપજ્યાં છે. ગુજરાતમાં ૧૮ જિલ્લા એવા પણ છે જેમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. તો બીજી તરફ સુરત અને અમદાવાદને બાદ કરતા મોટા ભાગનાં જિલ્લાઓમાં કોરોનાના નવા આંકડા સિંગલ ડિજીટમાં આવ્યા છે.

જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં આજે ૨૪૪ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સને પ્રથમ ડોઝ અપાઈ ચુક્યો છે તો ૮૦૬૮ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ થી વધારે ઉંમરના ૪૬૨૩૫ લોકોને રસીનો પ્રથમ તો ૭૫૬૬૯ લોકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના ૧૫૦૮૦૧ને પ્રથમ અને ૩૭૭૪ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૨,૮૪,૭૯૧ લોકોનું રસીકરણ થયું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૫૯,૬૨,૭૮૨ લોકોને રસી અપાઈ ચુકી છે.

વાવોલના તુલસી બંગ્લોઝ પાસે કલોલ તરફ જવાના માર્ગે એક મોટુ ટ્રેલર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા અટકી ગયો પરંતુ ટ્રેલર રોડ પર આડુ થઈ ગયુ હતુ અને ટ્રક એક સાઈડથી નમી જવા પામ્યો હતો જેના કારણે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાવા પામી હતી.

# ગિફ્ટ સિટી અને ઝોન સ્ટાર્ટઅપ્સ ઈન્ડિયાએ ફિનટેક ઈનોવેશનને વેગ આપવા હાથ મિલાવ્યાં

ભારતના પ્રથમ સ્માર્ટ સિટી - ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) તથા બીએસઈ ઈન્સ્ટિટ્યુટ મુંબઈ અને રાયર્સન યુનિવર્સિટી અને સિમોન ફ્રેસર યુનિવર્સિટી, કેનેડા વચ્ચેના સંયુક્ત બીઆઈએલ રાયર્સન ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ ઈક્યુબેટર ફાઉન્ડેશન (બીઆરટીએસ આઈ એફ)એ ફિનટેક ઈનોનેવશનને વેગ આપવા માટે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ સહયોગ અંતર્ગત બીઆરટીએસઆઈએફનો હિસ્સો ઝોન સ્ટાર્ટઅપ્સ ઈન્ડિયા ગિફ્ટ એસઈઝેડમાં "ફિનટેક હબ"ની સ્થાપના અને પ્રોત્સાહન માટેની તકો શોધશે. તે ગિફ્ટ આઈએફએસસી ખાતે ઉદ્યમિતા વિકાસ અને ઈનોવેશનની સંસ્કૃતિ માટે ભારત સરકારના વિઝનને સપોર્ટ કરવા તેમજ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાનો પાયો વધુ મજૂબત કરશે.

ગિફ્ટ સિટી ઈન્ટરનેશનલ પ્રોડક્ટ્સ, ઓફશોર ફંડ મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ બુલિયન ટ્રેડિંગ વગેરેના ટ્રેડિંગમાં નવા વ્યવસાયની તકો પ્રદાન કરે છે. ગિફ્ટ આઈએફએસસીને વૈશ્વિક સ્તરે ભારતના ફિનટેક હબ તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. તેના માટે યોગ્ત પ્રતિભાઓને આકર્ષવા માટે નવા કૌશલ્યો અને ટ્રેનિંગની જરૂર સર્જાશે. ગિફ્ટ સિટી ફિનટેક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે ત્યારે બીઆઈએલ- રાયર્સન ટેક્નોલોજી સ્ટાર્ટઅપ ઈક્યુબેટર ફાઉન્ડેશન (બીઆરટીએસઆઈ એફ) ગિફ્ટ આઈએફએસસીમાં પ્રતિભાઓને પ્રોત્સાહન આપવામાં તથા સ્ટાર્ટ-અપ્સને આકર્ષવા માટેની ઈકોસિસ્ટમ વિકસાવશે.

આ નવા સહયોગ વિશે વાત કરતાં ગિફ્ટ સિટીના એમડી અને સીઈઓ તપન રે એ કહ્યું હતું કે "ભારતમાં ફિનટેક અને આઈએફએસસી ઉભરતાં ક્ષેત્રો છે, જે અપાર સંભાવનાઓ ધરાવે છે. તેમની વિવિધ વિશેષતાઓને જોતાં દેશમાં પરિપક્વ ફાઈનાન્સિયલ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે તેમના વચ્ચે તાલમેલ જરૂરી છે. ગિફ્ટ સિટીનો એક હેતુ ફિનટેક અને સંલગ્ન ક્ષેત્રોને પ્રોડક્ટિવ પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે, જેથી તેઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની શકે.

# અંબાપુરની સીમમાં અજાણ્યા યુવકે ઝાડ પર રૂમાલ બાંધી આપઘાત કર્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા અડાલજ થી અંબાપુર તરફ જવાના માર્ગ પર ખેતરમાં ઝાડ પર રૂમાલ વડે ગળેફાંસો ખાઈ આપઘાત અજાણ્યા યુવકે આપઘાત કર્યો છે. જયારે ઝાડ પર લટકી રહેલો મૃતદેહ નીચે પડી ગયો હતો. જેથી મૃતદેહના મોઢાના ભાગે જીવજંતુઓએ કોરી ખાતા મૃતદેહની ઓળકવિધી કરવી પોલીસ માટે કોયડા સમાન છે. અડાલજ પોલીસે ગુનો નોંધી મૃતકની ઓળખવિધી થાય તે દિશામાં પ્રયત્નો શરુ કર્યા છે.

મળતી માહિતી મુજબ અંબાપુર ગામના નાગરીક સવારના સમયે અંબાપુર અડાલજ માર્ગ પર ગોવિંદજી ઠાકોરના ખેતર પાસેથી પસાર થતા હતા. તે સમયે ખેતરમાં રહેલા ઝાડ પાસે કોઈ યુવકની વિકૃત હાલતમાં મૃતદેહ પડયો હતો. તે જોઈને તેઓ ગભરાઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે નજર કરી તો ખેતરમાં નીચે પડેલો મૃતદેહ દુર્ગંધ મારતો હતો અને તેના પર જીવજંતુઓ હતા. પોલીસે ખેતરમાં તપાસ કરતા ઝાડ પર રૂમાલ બાંધેલો મળી આવ્યો હતો. જેને પગલે પોલીસે પ્રાથમિક અનુમાન કર્યું હતું કે મૃતકે રૂમાલ વડે ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. મૃતદેહ જોઈ આશરે ૩૫ થી ૪૦ વર્ષિય યુવકે ચારપાંચ દિવસ પહેલા આપઘાત કર્યો હોવાનું લાગી રહ્યું છે. અડાલજ પોલીસે ગુનો નોંધી મૃતદેહનું પીએમ કરાવી તેના વાલી વારસોની શોધખોળ આદરી છે.

# શ્રમિકો સામે નિયમોના ભંગ બદલ દાખલ થયેલા કેસો પૈકી ૫૧૫ કેસો પરત ખેંચાશે

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંપૂર્ણ સંવેદના સાથે લીધો નિર્ણય : ૨૦૮ કેસોનો કોર્ટ દ્વારા નિકાલ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧

ગૃહ અને કાયદા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે વૈશ્વિક મહામારી કોરોના અંતર્ગત સંક્રમણને રોકવા માટે દેશભરમાં લોકડાઉન કરાયું હતું. આ લોકડાઉન દરમિયાન સ્થળાંતર કરતા શ્રમિકો સામે નિયમોના ભંગ બદલ દાખલ થયેલા કેસો પૈકી ૫૧૫ કેસો પરત ખેંચવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંપૂર્ણ સંવેદના સાથે શ્રમિકોને સહાયરૂપ થવા આ મહત્વનો નિર્ણય કર્યો છે. તેમણે ઉમેર્યુ કે દેશમાં કોરોનાના સંક્રમણને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકડાઉનનો હિંમતભર્યો નિર્ણય કર્યો હતો તે સંદર્ભે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. જેના પરિણામે કોરોનાના પ્રથમ તબક્કામાં સંક્રમણને રોકવામાં સફળતા મળી હતી.

તેમણે ઉમેર્યુ કે ગુજરાત એ ઔદ્યોગિક રાજ્ય છે ત્યારે દેશભરમાંથી રોજગારી માટે લાખો પરપ્રાંતિય શ્રમિકો ગુજરાત આવે છે. આ લોકડાઉન દરમિયાન પરપ્રાંતિય શ્રમિકોને તેમના માદરે વતન જવા માટે પણ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારના સંકલનમાં રહીને ખાસ ૧૦૦૦ થી વધુ શ્રમિક ટ્રેનો અને અન્ય પરિવહનના માધ્યમથી મળી અંદાજીત ૨૪ લાખ જેટલા શ્રમિકોને તેમને વતન મોકલ્યાં હતા. એટલું જ નહીં શ્રમિકોને ભોજન માટે વિના મૂલ્યે રાશન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન નિયમોના ભંગ બદલ જે કેસો થયા હતા તે આજે પરત ખેંચવાનો નિર્ણય કરીને શ્રમિકો પ્રત્યેની સંવેદના દાખવી માનવીય ઉમદા કામ અમારી સરકારે કર્યુ છે, તેમ પણ જાડેજાએ જણાવ્યુ હતુ.

# બાયડમાં સ્વયંભૂ ફૂટપાથ ખુલ્લો થયો, સિનિયર સિટીઝન-રાહદારીઓને રાહત

## સવારથી જ લારી-પાથરણાવાળા દૂર રહ્યા, સ્વચ્છતા માટે સંકલ્પબદ્ધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડના મુખ્ય બજારમાં લોક અવર જવર માટે ફૂટપાથ ખુલ્લો

રાખવા પાલિકા દ્વારા લારી, પાથરણા, ગલ્લાવાળાઓને અપીલ કરવામાં આવી હતી. જે મુજબ ગુરૂવારથી લારી-પાથરણાવાળાએ સ્વયંભૂ પાલિકાના આહવાનને સ્વીકારી ફૂટપાથ ખુલ્લો રાખ્યો. જેના કારણે સિનિયર સિટીઝન અને રાહદારીઓને રાહત થઈ. ફૂટપાથ ખુલ્લો રહેતાં વેપારીઓ અને ગ્રાહકોને પણ લાંબા સમય પછી રાહત જોવા મળી.

કોઈપણ નગરના સર્વાંગી વિકાસ માટે ધમધમતા ધંધા-રોજગાર મહત્વના છે પરંતુ એ સાથે જ કોરોના સંક્રમણના કારણે મોટી ભીડ ન ઉભી થાય તેમજ લોકો અવર-જવર માટે સરકાર દ્વારા તૈયાર કરાયેલા વિકાસપથ પણ ખુલ્લા રહે તે જરૂરી છે. બાયડના સમજુ લારી, ગલ્લુ, પાથરણાવાળાઓ દ્વારા ફૂટપાથ ખુલ્લા રાખવા માટેની અપીલને સ્વયંભૂ સ્વીકારી લઈ તા.૧ જુલાઈથી ફૂટપાથ સંપૂર્ણ ખુલ્લો કર્યો હતો જેના કારણે દિવસ દરમ્યાન અડચણરૂપ ટ્રાફીકમાં પણ અંશતઃ રાહત જોવા મળી. જ્યારે ફૂટપાથની પાસે ઉભા રહેતા લારી, ગલ્લા અને પાથરણા ધારકો દ્વારા ધંધાના સ્થળે સંપૂર્ણ સ્વચ્છતા રાખવા માટે સંકલ્પ કર્યો છે.

### નાના-મોટા વેપારીઓનો અમૂલ્ય સહયોગ

બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી તથા ભાજપના તમામ કોર્પોરેટરોએ જણાવ્યું કે બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવ્યું ત્યારથી કોરોના સમયે સ્વયંભૂ અને આંશિક લૉકડાઉન વખતે પણ વેપારીઓએ અમૂલ્ય સહયોગ આપ્યો હતો અને ફૂટપાથ ખુલ્લો રાખવાની અપીલને પણ સ્વીકારી અમૂલ્ય સહયોગ આપ્યો છે તેમ જણાવ્યું છે.

### દરેક વેપારીઓને કચરો ડસ્ટબીનમાં નાખવા અપીલ

બાયડના તમામ નાના-મોટા વેપારીઓને કચરો ડસ્ટબીનમાં તેમજ પ્લાસ્ટીકની થેલીમાં નાખવા માટે પાલિકાના કર્મચારી, સેનેટરી ઈન્સ્પેક્ટર મયૂરભાઈ, અમિતભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા દુકાને-દુકાને ફરીને જણાવવામાં આવ્યું છે જેથી બાયડને સ્વચ્છ નગર બનાવવાનો સંકલ્પ પરીપૂર્ણ થાય.

# મુખ્યમંત્રી રાહત ફંડમાંથી છેલ્લા ત્રણ માસમાં સારવાર માટે ૧૧૬૨ લાખથી વધુની સહાય

મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ગુજરાતમાં છેલ્લા ત્રણ માસમાં જરૂરિયાતમંદ દરદીઓને વિવિધ રોગોની સારવાર માટે ૧૧૬૨.૬૫ લાખની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે. જેમાં એપ્રિલ મહિનામાં ૮૦.૩૧ લાખ, મે મહિનામાં ૪૨.૮૬ લાખ અને જૂન-૨૦૨૧માં ૧૦૩૯.૪૮ લાખ એમ ત્રણ માસમાં કુલ ૧૧૬૨.૬૫ લાખની રકમ આપવામાં આવી છે. એપ્રિલ મહિનામાં કેન્સરની સારવાર માટે ૧ લાખ, કીડની માટે ૨.૩૩ લાખ, લીવર માટે ૧૨.૯૯ લાખ, થેલેસેમિયાની સારવાર માટે ૧૩.૯૯ લાખ જ્યારે કોરોના વોરિયર્સ માટે ૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. જ્યારે મે માસમાં કેન્સર માટે ૧ લાખ, કીડની માટે ૬ લાખ, લીવર માટે ૪.૩૩ લાખ, થેલેસેમિયા માટે ૩.૩૩ લાખ, કોરોના વોરિયર્સ માટે ૨૫ લાખ અને અન્ય ૩.૨૦ લાખ એમ કુલ ૪૨.૮૬ લાખની રકમ ચૂકવવામાં આવી છે.

# ગામડામાં દારૂ શોધતી પોલીસને ટાઉનમાં વિદેશી દારૂની બોટલ દેખાતી નથી..!!

## બાયડમાં રેલવે ફાટક નજીક કાર અથડાઈ, બહાર પડેલી દારૂની બોટલ ચર્ચામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડના રેલવે ફાટક નજીક અકસ્માતગ્રસ્ત કાર ખોટકાઈ પડી

અને તેની નજીકમાં જ પ્લાસ્ટીકની થેલીમાં વિદેશી દારૂની બોટલ જોવા મળતાં હલચલ મચી છે. બાયડ પોલીસ ગામડામાં દેશી દારૂ શોધવા માટે ડીઝલનો ધુમાડો કરી રહી છે પરંતુ ટાઉનમાં વિદેશી દારૂની બોટલો ન દેખાતાં આશ્ચર્ય થઈ રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડમાં દેશી અને વિદેશી દારૂ માંગો એટલો આસાનીથી મળે છે અને તેના માટે કોઈ રોકટોક નથી અને પોલીસને પણ દારૂનું દૂષણ અટકાવવામાં કોઈ જાજો રસ ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. વાત જાણે એમ છે કે ગત રોજ પૂરઝડપે જતી કાર ચોઈલા રોડ ઉપર રેલવે ફાટક નજીક અથડાઈ અને ખોટકાઈ પડી. કારના આગળના ભાગનો કડુચલો વળ્યો અને એ સાથે જ કહેવાય છે કે નજીકમાં વિદેશી દારૂની બોટલ પડેલી જોવા મળી. કારમાં વિદેશી દારૂ જતો હતો કે પછી એ પહેલાંની વિદેશી દારૂની બોટલ પડેલી હતી તે જાણકારી હજુ સુધી સામે આવી નથી પરંતુ બાયડમાં પરોઢે ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી દેશી-વિદેશી દારૂની હેરાફેરી અગાઉ બાઈક ઉપર જતી હતી અને હવે કાર મારફતે થઈ રહી છે.

## રાજકીય-ખેડૂત આગેવાનો ઉંઘતા ઝડપાયા

# બાયડની વાત્રક નહેર પેટાવિભાગની કચેરી બંધ, ભિલોડા ખસેડાઈ

## ૨૦ વર્ષની લાંબી યાત્રા પૂરી, ખેડૂતોને પ્રશ્નો માટે ભિલોડા દોડવું પડશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ તાલુકાના રાજકીય આગેવાનો અને ખેડૂતો ઉંઘતા રહ્યા અને બાયડ ખાતે છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત વાત્રક નહેર પેટાવિભાગ-૧ ની કચેરી ભિલોડા ખસેડી દેવામાં આવી છે. જ્યાં મેશ્વો સિંચાઈ પેટાવિભાગ તરીકે કાર્યરત થશે. ખેડૂતોને પ્રશ્નો માટે હવે ભિલોડા દોડવું પડશે. બાયડના કોંગ્રેસી ધારાસભ્ય પણ ઉંઘતા ઝડપાયા છે. ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાની રજૂઆત પછી વાત્રક નહેર પેટાવિભાગ નં.૧૩ ની કચેરી બંધ કરી મેશ્વો સિંચાઈ પેટાવિભાગ-ભિલોડામાં તબદીલ કરવામાં આવી છે.

બોલે એનાં બોર વેચાય..એ ઉક્તિ અનુસાર ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાએ પોતાના મત વિસ્તારમાં બે જિલ્લાના જળાશયોના સિંચાઈના પાણી મળતા હોય છે અને સંકલનની બેઠકમાં અરવલ્લી અને સાબરકાંઠા એમ બંન્ને જિલ્લામાં હાજરી આપવી પડતી હોય છે. પરંતુ તેઓએ સરકારમાં રજૂઆત કરી કે મેશ્વો સિંચાઈ પેટાવિભાગની કચેરી ભિલોડામાં ખોલવામાં આવે. શિફ્તપૂર્વક બાયડના રાજકીય અને ખેડૂત આગેવાનો ઉંઘતા રહ્યા અને કચેરી ભિલોડા ખાતે ખસેડી દેવામાં આવી જેની પાછળનું કારણ ભિલોડામાં સિંચાઈની સુવિધા ઉભી કરવા માટે સતત તેઓ માંગ કરતા રહ્યા હતા. વાત્રક નહેર પેટાવિભાગ નં.૧૩ ની કચેરી ભિલોડામાં તબદીલ કરાતાં હવે સુજલામ આધારીત સિંચાઈને લગતાં અનેક કામો માટે ખેડૂતોને દૂર સુધી રજૂઆત કરવા જવું પડશે. આ યોજના અંતર્ગત ભૂડાસણ, લીંબ તેમજ ખાત્રીબા પાઈપલાઈન યોજના સુજલામ આધારીત કાર્યરત છે. જેનાથી અરવલ્લીના ૫ તળાવ ભરવામાં આવે છે અને દહેગામ તરફની સ્પ્રેડીંગ કેનાલના કારણે ખેડુતોના બોરકૂવા રીચાર્જ થાય છે. બાયડ તાલુકાના કહેવાતા ચકોર રાજકીય આગેવાનોને પણ ગંધ શુદ્ધ ન આવે તેરીતેભિલોડાના ધારાસભ્યએ બાયડ ખાતેની કચેરી બંધ કરાવી તેને મેશ્વો સિંચાઈ પેટાવિભાગ તરીકે કાર્યરત કરવામાં સફળ રહ્યા છે.

### દુઃખદ અવસાન

બાયડ : બાયડની ઘનશ્યામનગર સોસાયટીમાં રહેતા ડાહ્યાભાઈ જેઠાભાઈ પટેલ (હરિઓમ વસ્ત્ર ભંડારવાળા)ના પુત્ર રાજુભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સદ્‌ગતનું લોકિત આજે તા.૨ જુલાઈ, શુક્રવાર સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

### તોતિંગ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાથી વધીને ૮૬૧ રૂપિયા પ્રતિ સિલિન્ડર થયો છે. જ્યારે ચેન્નાઈમાં એલપીજી સિલિન્ડરનો ભાવ આજથી ૮૫૦.૫૦ થયો છે. ગઈ કાલ સુધી ૮૨૫ રૂપિયા હતો. ઉત્તર પ્રદેશના લખનઉમાં એલપીજી સિલિન્ડર માટે તમારે ૮૭૨.૫૦ રૂપિયા આપવા પડશે. ગુજરાતમાં અમદાવાદમાં એલપીજી સિલિન્ડરના આજથી ૮૪૧.૫૦ રૂપિયા ચૂકવવા પડશે. અત્રે જણાવવાનું કે વર્ષ ૨૦૨૧ની શરૂઆત એટલે કે જાન્યુઆરીમાં દિલ્હીમાં એલપીજી સિલિન્ડરનો ભાવ ૬૯૪ રૂપિયા હતો.

### એક ડોઝ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોવિશીલ્ડ વેક્સિનને લઈ અત્યાર સુધીમાં આવો કોઈ અભ્યાસ પહેલા સામે નહોતો આવ્યો. આઈસીએમઆરના વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સંક્રમણમાંથી સાજા થનારા લોકો માટે કોવિશીલ્ડ વેક્સિનનો એક જ ડોઝ પૂરતો છે. તેમના કહેવા પ્રમાણે જો સરકાર આ સલાહ પર ધ્યાન આપે તો વેક્સિનની તંગી વચ્ચે વેક્સિનેશનને ઝડપી બનાવી શકાય તેમ છે કારણ કે, બીજી લહેર દરમિયાન દેશની વસ્તીનો મોટો ભાગ સંક્રમણની લપેટમાં આવેલો છે.

## ભૂતિયાં કાર્ડનું ભૂત ધૂણ્યું :

# સાબરકાંઠામાં રેશનીંગના કાળા બજારનો રેલો પહોંચ્યો

## અનેક સરકારી બાબુઓની સંડોવણી બહાર આવવાની સંભાવના : વર્ષોથી સસ્તા અનાજની દુકાનનો જથ્થો આટા મીલમાં ઠલવાઈ રહ્યો છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અમદાવાદમાંથી સસ્તા અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ બહાર આવ્યા પછી રેલો સાબરકાંઠા સુધી પહોંચ્યો છે. યોગ્ય તપાસ થાય અને ફીડલું નહીં વળે તો અનેક સરકારી બાબુઓની સંડોવણી બહાર આવી શકે છે. વર્ષોથી અનેક સસ્તા અનાજની દુકાનોનો જથ્થો આટા મીલમાં ઠલવાતો રહ્યો છે અને આ અંગેની ફરિયાદો પણ પાછલા ૧૦ વર્ષમાં પોલીસ સ્ટેશનમાં નોંધાયા પછી માત્ર તપાસનાં નાટક કરી કેસનો સંકેલો કરી દેવામાં આવ્યો હતો. અગાઉ ભૂતિયાં રેશનીંગ કાર્ડ નાબૂદ કરવા માટે બારકોડેડ રેશનીંગ કાર્ડધારકોને આપવામાં આવ્યા પરંતુ કીમીયાગરોએ તેમાંથી પણ ઉકેલ શોધી કાઢી રેશનીંગના જથ્થાનું કાળા બજાર ભૂતિયાં કાર્ડ મારફતે કરી રહ્યા છે. લાગે છે કે હવે રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભૂતિયાં કાર્ડનું ભૂત ધૂણવા લાગ્યું છે.

સસ્તા અનાજની દુકાનોમાં અગાઉના વર્ષોમાં અનહદ ભ્રષ્ટાચાર ચાલતો હતો જેના કારણે કેટલાય દુકાનદારો સામે પી.બી.એમ. હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી પરંતુ હજુ પણ અનેક દુકાનદારો હમ નહીં સુધરેંગે..ની જેમ દુકાનો ચલાવી રહ્યા છે અને તેમાં સ્થાનિક પુરવઠા વિભાગ અને નાયબ પુરવઠા મામલતદારોની મીલીભગત સમાયેલી હોય છે. તાજેતરમાં અમદાવાદ કાઈમ બ્રાન્ચે સસ્તા અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરવાનું રેકેટ ઝડપી લીધું છે અને તેમાં ઝડપાયેલા કેટલાક આરોપીઓની પૂછપરછ પછી હિંમતનગર, ઈડરના કેટલાક શખ્સોના નામ સામે આવ્યા છે. આ જોતાં સસ્તા અનાજના જથ્થાને સગેવગે કરવામાં આધુનિક ટેકનાલોજીથી ભૂતિયાં કાર્ડ બનાવ્યાં હોય અને તેના આધારે જ અનાજ સગેવગે કરવાનું કૌભાંડ આચરાયાની આશંકા છે જેથી ભૂતિયાં રેશનીંગ કાર્ડ બાબતે પણ તપાસ શરૂ થઈ શકે છે. પરંતુ યોગ્ય તપાસ થશે તો રેલો કેટલાક સરકારી બાબુઓના પગ તળે પણ આવી શકે છે.

### મંદ ગતિએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ઉભી થશે. શહેરના સે-૨૧ માં દાયકાઓ જુની પાર્કીંગની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા હાલ પાર્કીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સે-૨૧ શોપિંગમાં વિવિધ ઠેકાણે પાર્કીંગ પ્લેસ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. હાલ સેકટરમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી સેકટરમાં પાર્કીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સતત મુલાકાતીઓની અવરજવર વચ્ચે ટ્રાફિકથી ધમધમતા શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં વાહન પાર્કીંગ કરવાનુ હાલ ચેલેન્જરૂપ બન્યુ છે. જેને અનુલક્ષી કોર્પોરેશન દ્વારા સેકટરમાં પાર્કીંગ તૈયાર કરવા માટે છેલ્લા એક વર્ષથી કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ કોરોના કાળમાં લાંબા સમય સુધી કામ બંધ રહેતા હજુ સુધી આ કામમાં ઝડપ આવી નથી. પાર્કીંગ નિર્માણની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. જેના લીધે મુલાકાતીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. હાલ સાંકડી જગ્યામાં પાર્કીંગનુ કામ ચાલતા વાહનો પાર્ક કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. શોપિંગના આ પાર્કીંગમાં લાઈટીંગ , ગાર્ડન તેમજ સિનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવશે. જયારે પાર્કીંગની આ યોજના પાછળ અંદાજિત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરાશે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં મુલાકાતીઓની સંખ્યાને ધ્યાને લઈ ૩૫૦ ફોર વ્હીલર તેમજ ૨ હજાર ટુ વ્હીલર પાર્ક થઈ શકે તે મુજબની પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. સુત્રોના જણાંવ્યા મુજબ હાલ પાર્કીંગ નિર્માણની કામગીરી માટે ૪૦ વર્કરોની ટીમ કામે લાગી છે. પરંતુ કામગીરી ઝડપથી ન થતી હોવાનો આક્રોશ વેપારીઓ અને મુલાકાતીઓમાં પ્રબળ બન્યો છે.

### વરવા દૃશ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચર્ચા સ્થાને છે. શહેરના મુખ્યમાર્ગો પર સિગ્નલ સ્ટોપ થતા મોટાભાગની કારના કાચ ખખડાવતા ભિક્ષુકો હર હાલમાં દયા ઉપજાવવા પ્રયાસ કરે છે. શહેરના બસ સ્ટેન્ડ પણ ભિક્ષુકો માટેનુ વિશ્રામ સ્થાન બન્યા છે. ક્યારેક શારિરીક ખોડખાપણ ધરાવતા તો ક્યારેક ભગવાનના ફોટાને હાથમાં રાખીને ભિક્ષા મળે તે માટે અવરજવર કરતા નાગરિકોમાં દયા વેદના- સંવેદના જગાવાનો પ્રાયસ કરે છે. જેમાં બાળ ભિક્ષુકો અને મહીલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. નિર્દોષ ભુલકાઓનુ ભવિષ્ય પણ આ ભીખના વાટકામાં ભુંજાઈ જાય છે.. સ્માર્ટ સીટીમાં જાહેર સ્થળો તેમજ શાકમાર્કેટ અને શોપિંગ બજારમાં ફાટેલા તુટેલા અને મેલા ઘેલા કપડા પહેરીને લાચારી ઠાલવતા ભિક્ષુકો માટે ગાંધીનગર હાલ ફેવરિટ બન્યુ છે. શહેરમાં આ ભિક્ષુકો પૈકી મોટાભાગના બહારથી આવતા હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. બહારથી આવતી કારમાં રોજ સવારે આ ભિક્ષુકોને સામાનની જેમ ઠાલવી દેવામાં આવે છે...!! અને આ ગેંગ ઓપરેટ કરનારા તત્વો પાસે ભિક્ષકો દિવસની કમાણી.. મળેલી ભિખ ઠાલવી દે ...છે..!! જગમગતા વિકાસ વચ્ચે સ્માર્ટ સીટીની પહેચાન બનતા ભિક્ષુકો હાલ શહેરની શેરીએ શેરીએ જોવા મળે છે.. ભિક્ષુકોની ભીડ વધતી જાય છે... જેના લીધે ભદ્ર સમાજના સભ્યોનુ મોં વંકાયુ છે પરંતુ આ એક વિચારવા લાયક બાબત છે..કે કાંઈક કરવા લાયક....